* R D - 0 4 0 3 / 1 2 0 0 *

# RD-0403

## Second Year B. Com Examination

### April / May – 2010

### Gujarati Compulsory

Time : Hours] [Total Marks :

**સૂચના :**

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fillup strictly the details of ☛ signs on your answer book.

Name of the Examination :
☛ S. Y. B. Com.

Name of the Subject :
☛ Gujarati Compulsory

☛ Subject Code No. : 0 4 0 3 ☛ Section No. (1, 2,.....) : Nil

Seat No. :

Student's Signature

૧ "'અમાસના તારા'માં સંસ્કારનગરી વડોદરાના સમાજનું દર્શન વ્યક્ત થયું છે." આ વિધાનની સાર્થકતા તેમાંના કેટલાક નિબંધોને આધારે સમજાવો. ૧૨

**અથવા**

૧ "'અમૃતા' અને 'જીવન-વિષ-અમૃત' નિબંધોમાં જીવન અને મૃત્યુ વિષયક ચિંતન વ્યક્ત થયું છે." આ વિધાનની યથાર્થતા સમજાવો. ૧૨

૨ 'વાઈસરૉયમાય' અને 'છબી કોરાઈ ગઈ' નિબંધોમાં એક તરફ શિકારની મઝા અને બીજી તરફ માનવીની પશુતા આ બન્ને ચિત્રો જોવા મળે છે. ચર્ચા કરો. ૧૨

**અથવા**

૨ 'ફક્કડચાચા', 'અફલાતૂન' અને 'વ્યક્તિ અને વિભૂતિ' આ ત્રણમાંથી કોઈ પણ એક નિબંધનું રસદર્શન કરાવો. ૧૨

૩ (અ) ટૂંક નોધ લખો : (ગમે તે **એક**) ૫

(૧) 'મંગલસૂત્ર' નિબંધમાં ત્યાગમૂર્તિ બા

(૨) પ્રભુ મોરે અવગુણ' નિબંધમાં વ્યક્ત થવી લેખકના પિતાજીની જીવન દૃષ્ટિ

(૩) 'મને મારો મેળાપ' નિબંધનું શીર્ષક.

(બ) પૂર્વાપર સંબંધ આપીને સમજાવો : (ગમે તે **બે**) ૬

(૧) 'મરેલી બહાદુરી પડી હતી અને સાથે જીવતી કાયરતા ઊભી હતી.'

(૨) 'વ્યક્તિ મરી જાય છે, વાતાવરણ જીવે છે.'

(૩) ગાડીને જવું હોય તો જાય પણ હું ચાલ નહીં બગાડું'

(૪) 'એ ચીજ તો વેચાઈ ગઈ છે.'

૪ કંપનીના ભાવિ વિકાસ અને જાહેર થનારા ડિવિડન્ડ અંગે પૃચ્છા કરતો પત્ર શૅરહોલ્ડર તરીકે લખો. સેક્રેટરી તરીકે પ્રત્યુત્તર પણ પાઠવો. **૧૨**

**અથવા**

૪ પોતાની પોલિસીને પેઈડ-અપમાં ફેરવવાની માગણી કરતો પત્ર વીમાદાર તરફથી લખો. જીવન વીમા નિગમ તરફથી તેનો યોગ્ય પ્રત્યુત્તર પાઠવો. **૧૨**

૫ એક બૅન્ક તરફથી બીજી બૅન્કને ગ્રાહકની આર્થિક સદ્ધરતા વિશે પૂછપરછ કરતો પત્ર લખો. બીજી બૅન્ક તરફથી તેનો પ્રત્યુત્તર પણ પાઠવો. **૧૨**

**અથવા**

૫ કન્યા કેળવણી અભિયાનને સફળ બનાવવા ગુજરાત સરકાર તરફથી જાહેરનામું બહાર પાડો. **૧૨**

૬ (અ) પ્રૂફ રીડિંગ કરો. ફકરામાં દેખાતી ભૂલો બતાવી ક્ષતિરહિત ફકરાનું પુનઃલેખન કરો. ૬

મને ચારે બાજુ શીરથી કરથી સકંધથી ફૂટે
ભૂરાં આકાશોની જટીલ વીટપો શૂન્ય વિંઝતિ
જતી ઉચી ઉચી વિગહવરથી આકુલ થતિ
ખચિ તારાઓની બણબણથી જ્યોતિર્મધુપુટે!

(બ) સંવાદ લેખન કરો : (ગમે તે **એક**)

(૧) 'સ્વાઈન ફ્લુ અટકાવો' અભિયાન હેઠળ ડૉક્ટરો અને યુવાનો વચ્ચે થયેલ સંવાદોનું આલેખન કરો.

(૨) પરીક્ષા ભૂત છે કે ભૂત? વિષય ઉપર વિદ્યાર્થીઓમાં અંદરો અંદર થયેલ ચર્ચાનું સંવાદરૂપે આલેખન કરો.